Recovery Appli. No.325-2004

| | | | |
|---|---|---|---|
| પ્રાપ્તિ તારીખ | ૦૬ | ૦૪ | ૨૦૦૪ |
| નોંધ્યા તારીખ | ૦૬ | ૦૪ | ૨૦૦૪ |
| ફેસલ તારીખ | ૨૫ | ૦૨ | ૨૦૨૦ |
| અવધિ | વર્ષ | માસ | દિવસ |
| | ૧૫ | ૧૦ | ૧૯ |

**મે. વલસાડ ખાતેનાં મજુર અદાલતનાં પ્રિસાઈડીંગ ઓફિસર શ્રી જી. ટી. સોલંકી સાહેબ સમક્ષ, મુ.વલસાડ.**

**રીકવરી અરજી નં.૩૨૫/૨૦૦૪.**
**આંક–૧૧**

**અરજદાર :–** શ્રી પ્રશાંતકુમાર શાહું,
C/O મહેપાલસિંગ કારકી,
દયાભાઈની ચાલ, રોહિતવાસ,
મુ.પો.સરીગામ, તા.ઉમરગામ,
જી.વલસાડ.

**–: વિરૂધ્ધ :–**

**સામાવાળા :–** મે. જે.જે. ટેક્ષટાઈલ્સ લી.,
પ્લોટ નં.૧૬૩૭, જી.આઈ.ડી.સી.,
સરીગામ, તા.ઉમરગામ,
જી.વલસાડ.

**વિષય:–ઔદ્યોગિક વિવાદ અધિનિયમ–૧૯૪૭ની કલમ–૩૩–સી (૨) હેઠળની રીકવરી અરજી**

---

**પ્રતિનિધિઓ:–**
અરજદાર તરફે:– યુનિયન પ્રતિનિધિશ્રી આર.સી.પટેલ.
સામાવાળા તરફે:– વિધ્વાન વકીલશ્રી એસ.ટી. ચૌધરી.

---

**–: હુ ક મ :–**

(૧) આ કામનાં અરજદારે સદરહુ વસુલાત અરજી આઈ.ડી.એકટની કલમ–૩૩–સી (૨) મુજબ દાખલ કરી અને જણાવેલ છે કે સામાવાળા સંસ્થા કાયદેસર રીતે સ્થપાયેલી સંસ્થા છે અને આઈ.ડી.એકટ, ફેકટરી એકટ/ અન્ય મજુર કાયદાઓ લાગુ પડે છે અને તે ઉદ્યોગની વ્યાખ્યામાં આવે છે અને અરજદાર કામદારની વ્યાખ્યામાં આવે છે. સદર સંસ્થાને ફેકટરી એકટની તમામ જોગવાઈઓ લાગુ પડે છે. આ કામનાં અરજદાર કામદાર સામાવાળાની સંસ્થામાં કાયમી પ્રકારના કામ ઉપર કાયમી કામદાર તરીકે તા.૦૧/૦૮/૧૯૯૮ થી બેક સાઈડર તરીકે રોજીદા રૂપિયા ૧૧૭.૪૦ ના પગારથી પોતાની ફરજ ખંત અને વફાદારીથી બજાવતા આવેલ છે. આ કામના સામાવાળા કંપનીના સંચાલકો ધ્વારા ઉત્પાદન પ્રક્રિયા કંપની ચાલુ થઈ ત્યારથી આજદિન સુધી ફકત બે શીફટમાં ચલાવવામાં આવી રહેલ છે. સવારે ૭ વાગ્યાની પાળી શરૂ થાય તે સાંજે ૭ વાગ્યે પુરી થાય અને સાંજે ૭ વાગ્યે શરૂ થતી પાળીનો સમય સવારે ૭ વાગ્યે પુરો થતો હતો અને કંપનીના સંચાલકોની મનસુફી ઉપર અમારી પાળીની ફેર બદલ કરવામાં આવતી હતી. અરજદાર પાસે સામાવાળાએ તેમની સંસ્થામાં દાખલ તારીખથી સતત ૧૨ કલાક કામ કરાવતા આવેલ તેના બદલામાં અરજદાર કામદારને માત્ર ૮ કલાક નો જ પગાર ચુકવતા હતા. અરજદારની નોકરીનો સમય ફરજીયાત પણે પહેલી પાળી હોય ત્યારે સવારના ૭ થી સાંજે ૭ વાગ્યા સુધી અને જયારે બીજી પાળી હોય ત્યારે સાંજે ૭ થી સવારના ૭ વાગ્યા સુધીનો છે. તેમાંથી અરજદાર કામદારને ચાલુ કામે અડધા કલાકની રીશેષ આપવામાં આવતી આ કામના સામાવાળાને ફેકટરી એકટની જોગવાઈઓ લાગુ પડે છે અને તે મુજબ અઠવાડીયામાં ૪૮ કલાકથી વધુ કામ લીધેલ છે અને તે મુજબ કરેલ વધારાના ઓવર ટાઈમ કામનુ વળતર નહી ચુકવી ફેકટરી એકટની જોગવાઈઓનો ભંગ કરેલ છે. કામદાર પાસે સામાવાળા રોજબરોજ રજા સિવાયના દિવસે રોજ વધારાના ૪ કલાક ઓવર ટાઈમ કામ કરાવી તેના કાયદેસર રીતે પગાર ન આપી મજુર કાયદાનો તેમજ ફેકટરી એકટની જોગવાઈઓનો સરીયામ ભંગ કરેલ છે. અરજદાર કામદાર પાસે સામાવાળા તેમની સંસ્થામાં દાખલ તા.૦૧/૦૮/૧૯૯૮ થી તા.૩૧/૧૨/૨૦૦૩ સુધી દરરોજ ૧૨ કલાક કામ લીધેલ છે. તેમ છતાં સામાવાળા અરજદારને દરરોજ ૪ કલાક પ્રમાણે વધુ સમય કરેલ ઓવર ટાઈમના કુલ રૂા.૧,૫૩,૪૬૧/– (અંકે રૂપિયા એક લાખ ત્રેપન હજાર ચારસો એકસંઠ પુરા) થાય છે. જે રકમ અરજદાર કામદાર સામાવાળા પાસે વારંવાર માગ્યા મંગાવ્યા

છતાં સામાવાળા આપવાના ખોટા–ખોટા વાયદા કરી સમય વિતાવ્યે જાય છે અને આજ દિન સુધી ચુકવી આપેલ નથી. આ કામનાં કેટલાક દસ્તાવેજો અને માહીતી સામાવાળાનાં કબ્જામાં છે જેવા કે હાજરી પત્રક, ઓવર ટાઈમ પગાર ચુકવણી પત્રકો, અરજદારનાં હાજરી કાર્ડ, આ દસ્તાવેજો સામવાળા કોર્ટમાં રજુ કરે તે જરૂરી છે અને સાથેનાં પરિશિષ્ટ–અ માં જણાવેલ વિગતે રૂા.૧,૫૩,૪૬૧/– અરજદાર સામાાવાળા પાસેથી લેવા હકકદાર છે અને સામાવાળા તે રકમ ન ચુકવે તો ૧૮ % ચડત વ્યાજ સાથે ચુકવી આવપે તેવો હુકમ કરવા અરજદાર કામદારને આ વસુલાત અરજી નામદાર કોર્ટ સમક્ષ કરવાની જરૂર પડેલ છે.

(૨) સદર અરજીનો સામાવાળા કંપનીએ આંક–૦૬ થી જવાબ રજુ કરેલ છે અને જવાબમાં જણાવેલ છે કે, અરજદાર સામાવાળા કંપનીમાં તા.૦૧/૦૧/૧૯૯૮ થી કામ કરતા હતા અને એક દિવસનો પગાર રૂ.૧૧૭–૪૦નો હોવાની અને કંપની બે પાળીમાં ચાલતી હતી. અને સવારે ૭.૦૦ થી સાંજે ૭.૦૦ અને સાંજે ૭.૦૦ થી સવારે ૭.૦૦ સુધીની બે પાળીમાં કામ કરતી હતી ની હકીકત કબુલ રાખતા નથી, કંપનીના મજુરો ગુજરાત કામદાર સેનાના સભ્યો હતા આ યુનીયને ઔદ્યોગિક ધારો ૧૯૪૭ ની કલમ –૧૮(૧) સાથે વાંચતા કલમ–૨ (પી) હેઠળ સ ેટલમેન્ટ કરેલ જેમા અરજદારે પણ સહી કરેલ, હાલની અરજી બદદાનતથી અને ખોટી રીતે કંપનીની વિરૂધ્ધમાં જણાવેલ હકીકત કે કંપની બાર કલાક દરરોજ કામ કરતી હતી તે હકીકત તા.૦૩/૦૮/૨૦૦૧ના સેટલમેન્ટમાં ઉલ્લેખ નથી કંપની જણાવે છે કે તેની ફેકટરી દરરોજ ત્રણ પાળીમાં કામ કરતી હતી અને અરજદારે આક્ષેપ કર્યા મુજબનો કોઈ ઓવરટાઈમ કરેલ નથી. સદર જવાબમાં એ વાતનો પણ ઈન્કાર કરેલ છે કે અરજદારે દરરોજ ૧૨ કલાક કામ કરતા હતા, ખરી હકીકતે અરજદાર ૮ કલાક જ કામ કરતા હતા અને ૮ કલાકનું જ વેતન ચુકવાતુ હતુ, અરજદારે કોઈ ઓવરટાઈમ કરેલ નથી જેથી ઓવરટાઈમનો પગાર ચુકવવાનો સવાલ ઉપસ્થિત થતો નથી, અરજદાર કાયમ પગાર રજીસ્ટર તથા બીજા કાગળો પર સહી કરતો હતો જે પણ બતાવે છે કે અરજદાર રોજ ફકત આઠ કલાક જ કામ કરતો હતો. જયારેથી ગુજરાત રાજય કામદાર સેનાએ કંપનીના કારખાનામાં સભ્યોની જગ્યા ગુમાવતા, તેણે અરજદાર તથા બીજા કામદારોને હડતાળ તથા ફરજ પરથી દૂર રહેવા ઉશ્કેરેલ. મજકુર ગુજરાત રાજય કામદાર સેનાની

ઉશ્કેરણીથી હાલની અરજી કંપનીને હેરાન કરવા તથા બ્લેક મેઈલ કરવા દાખલ કરવામાં આવેલ છે. કંપની જણાવે છે કે અરજદારને રૂા.૧,૫૩,૪૬૧/– કે ઓછી અગર વધારે કોઈ રકમ આપવાની થતી નથી.

(૨.૧) સામાવાળા તેમનાં જવાબમાં વધુમાં જણાવે છે કે, તા.૦૧/૦૮/૧૯૯૮ થી તા.૩૧/૧૨/૨૦૦૩ સુધી અરજીમાં જણાવ્યા મુજબ નોકરીમાં હતા અરજદારે તે પુરાવાથી પુરવાર કરવી જોઈએ. આ બાબતે કંપની પોતાના બચાવમાં કાયદા મુજબના રાખેલ દસ્તાવેજો ઉપર આધાર રાખે છે. કાયદામાં જે વ્યકિત હકીકત હોવાનું જણાવે તેણે હકીકતને પુરવાર કરવાનું હોય છે અને અરજદાર અનિશ્ચિત અને સંદેહાત્મક તપાસ કરવા હકકદાર નથી. અરજદારે માંગણી કરેલ રકમ કે બીજી કંઈપણ રકમ કંપની પાસે અરજદારની નીકળતી નથી કે આપવા પાત્ર નથી જેથી આ બાબતે કોઈ નિર્ણય કરવાનો સવાલ ઉપસ્થિત થતો નથી કારણ કે દેખીતી રીતે જ અરજી દ્વેષપુર્ણ છે. આ કેસની હકીકત અને સંજોગો જોતા અરજદારને કોઈ દાદ મેળવવા હકકદાર નથી. વધુમાં જણાવે છે કે કંપનીએ એના રેકોર્ડમાં અરજદારની કરેલ સહી સાથે હાલની અરજીમાં અરજદારની સહી સરખાવી જોતા બંને હસ્તાક્ષરમાં ઘણો તફાવત છે. તેથી મજકુર અરજીમાં અરજદારની સહી કરેલાનું દેખાય છે. હકીકતમાં અરજીમાં બીજા કોઈ સહી કરેલાનું દેખાય છે અને કંપનીને હેરાન કરવા તથા બ્લેકમેઈલ કરવા નામદાર કોર્ટમાં ફાઈલ કરવામાં આવેલ છે.

(૩) આ કામનાં અરજદાર હાલની અરજી દાખલ કર્યા બાદ કયારેય અદાલત સમક્ષ પોતાની અરજીનાં કામે પુરાવો આપવા હાજર રહેલા નથી. સામવાળાએ આંક–૦૭ની અરજી રજુ કરી પ્રાથમિક મુદ્દો ઉપસ્થિત કરવામાં આવેલ છે, અજરદારે આ પ્રાથમિક મુદાની અરજીનો કોઈ જવાબ રજુ કરેલ નથી, સામાવાળા તરફે આંક–૦૮ થી તેમનાં વિ.વકીલશ્રી એસ.ટી. ચૌધરીનું વકીલપત્ર રજુ કરવામાં આવેલ છે, સામાવાળા તરફે આંક–૦૯ની અરજી રજુ કરી જણાવેલ છે કે આ કામે સને ૨૦૦૪માં હાલની અરજી અરજદારે દાખલ કરી ત્યારબાદ કયારેય કોર્ટમાં હાજર રહેલા નથી શરૂઆત થી આજ દિવસ સુધીની ગેરહાજરી જોતા તેમને પોતાનો કેસ સાબીત કરવા માંગતા નથી તેમ માનવાને પુરતુ કારણ છે જે અરજી તળે હુકમ કરી અરજદારનો પુરાવાનો

હકક બંધ કરેલ છે, બાદમાં સામાવાળાએ આંક–૧૦ થી કલોઝીંગ પુરસીસ રજુ કરેલ છે, સામાવાળા તરફે દલીલો સાંભળવામાં આવેલ છે તથા અરજદારની દલીલનો હકક બંધ કરવામાં આવેલ છે અને આ કામ ઠરાવ ઉપર લેવામાં આવેલ છે.

(૪) અરજદારની અરજી, સામાવાળા તરફે રજુ થયેલ જવાબ લક્ષમાં લેતા અરજીના ન્યાય–નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**:: મુદ્દાઓ::**

(૧) અરજદાર રીકવરી અરજીમાં જણાવેલ દાદ તથા પરિશિષ્ટ–'અ'માં દર્શાવેલ જુદા જુદા હેડ હેઠળની રકમ કુલ મળી રૂા.૧,૫૩,૪૬૧/– સામાવાળા પાસેથી વ્યાજ ખર્ચ સાથે મેળવવા હકકદાર છે?

(૨) શું આખરી હુકમ?

(૫) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે પ્રમાણે છે.

(૧) નકારમાં

(૨) આખરી હુકમ મુજબ.

**:: કા ર ણો ::**

**મુદ્દા નં.૧ :–**

(૬) આ કામના અરજદાર દ્વારા હાલની અરજી ઔદ્યોગિક તકરાર અધિનિયમ (હવે પછી 'કાયદા' તરીકે સંબોધવામાં આવેલ છે) ની ક. ૩૩(સી) ના પ્રબંધો અન્વયે રજુ કરેલ છે. આ કામે વિશેષ કોઈ ચર્ચા કરતા પહેલા કાયદાની ક. ૩૩(સી) લક્ષમાં લેવી યોગ્ય રહેશે.

**The Industrial Disputes Act, 1947**

**33C. Recovery of money due from an employer.-**

(1) Where any money is due to a workman from an employer under a settlement or an award or under the provisions of Chapter VA or Chapter VB, the workman himself or any other person authorised by him in writing in this behalf, or, in the case of the death of the workman, his assignee or heirs may, without prejudice to any other mode of recovery, make an application to the appropriate Government for the recovery of the money due to him, and if the appropriate Government is satisfied that any money is so due, it shall issue a certificate for that amount to the Collector who shall proceed to recover the same in the same manner as an arrear of land revenue:

Provided that every such application shall be made within one year from the date on which the money became due to the workman from the employer:

Provided further that any such application may be entertained after the expiry of the said period of one year, if the appropriate Government is satisfied that the applicant had sufficient cause for not making the application within the said period.

(2) Where any workman is entitled to receive from the employer any money or any benefit which is capable of being computed in terms of money and if any question arises as to the amount of money due or as to the amount at which such benefit should be computed, then the question may, subject to any rules that may be made under this Act, be decided by such Labour Court as may be specified in this behalf by the appropriate Government; within a period not exceeding three months:

Provided that where the presiding officer of a Labour Court considers it necessary or expedient so to do, he may, for reasons to be recorded in writing, extend such period by such further period as he may think fit.

(3) For the purposes of computing the money value of a benefit, the Labour Court may, if it so thinks fit, appoint a commissioner who shall, after taking such evidence as may be necessary, submit a report to the Labour Court and the Labour Court shall determine the amount after considering the report of the commissioner and other circumstances of the case.

(4) The decision of the Labour Court shall be forwarded by it to the appropriate Government and any amount found due by the Labour Court may be recovered in the manner provided for in sub- section (1).

(5) Where workmen employed under the same employer are entitled to receive from him any money or any benefit capable of being computed in terms of money, then, subject to such rules as may be made in this behalf, a single application for the recovery of the amount due may be made on behalf of or in respect of any number of such workmen.

*Explanation*.- In this section" Labour Court" includes any court constituted under any law relating to investigation and settlement of industrial disputes in force in any State.

(૬.૧) ઉપરોકત કલમ ૩૩(સી)(૨) ના પ્રબંધો વંચાણે લેવામાં આવે તો તેમાં એવી જોગવાઈ કરવામાં આવેલ છે કે કોઈ કામદાર, માલિક પાસેથી કાંઈ રકમ અથવા નાણામાં ગણતરી કરી શકાય એવો કોઈ લાભ મેળવવા હકકદાર હોય, ત્યારે લેણી રકમ અંગે અથવા ગણતરી કરતા થતી એવા લાભની રકમ અંગે કોઈ પ્રશ્ન ઉપસ્થિત થાય, તો તે પ્રશ્નનો નિર્ણય મજુર અદાલત કરી શકે.

(૬.૨) આ કામના અરજદારે સામાવાળાના કામદારની રૂએ તેમના સામાવાળા પાસેથી સને ૧૯૯૮ થી ૨૦૦૩ સુધીનાં રોજીંદા પગાર પ્રમાણે ઓવરટાઈમનાં કલાક મુજબ લેણી નીકળતી રકમ રૂ.૧,૫૩,૪૬૧/– ૧૮ % વ્યાજ સાથે બાકી નીકળતા હોવાની હકીકત જણાવી તે રકમ સામાવાળા પાસેથી વસુલ મેળવવા દાદ માંગેલ છે. જયારે સામાવાળાએ પોતાના જવાબમાં આવી કોઈ રકમ અરજદારની સામાવાળા પાસેથી નિકળતી ન હોવા બાબતની તકરાર ઉપસ્થીત કરેલ છે. આ કામના અરજદાર દ્રારા તેમની અરજીના સમર્થનમાં કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી. જેથી ખરેખર અરજદાર સામાવાળા પાસેથી કાંઈ રકમ અથવા નાણામાં ગણતરી કરી શકાય એવો કોઈ લાભ મેળવવા હકકદાર હતા કે કેમ તે સ્પષ્ટ થતું નથી.

(૬.૩) હવે આ તબકકે નીચે મુજબના ચુકાદાઓમાં પ્રસથાપિત કરવામાં આવેલ સિધ્ધાંતો લક્ષમાં લેવા આવશ્યક બને છે.

નામ. Supreme Courtના **Municipal Corporation Of Delhi Vs. Ganesh Razak And Another**ના ચુકાદામાં એવું ઠરાવવામાં આવેલ છે કે :–

Where the very basis of the claim or the entitlement of the workmen to a certain benefit is disputed, there being no earlier adjudication or recognition thereof by the employer, the dispute relating to entitlement is not incidental to the benefit claimed and is, therefore, clearly outside the scope of a proceeding under Section 33C(2) of the Act. **The Labour Court has no jurisdiction to first decide the workmen's entitlement and then proceed to compute the benefit so adjudicated on that basis in exercise of its power under Section 33C(2) of the Act. It is only when the entitlement has been earlier adjudicated or recognized by the employer and thereafter for the purpose of implementation or enforcement thereof some ambiguity requires interpretation that the interpretation is treated**

**as incidental to the Labour Court s power under Section 33C(2) like that of the Executing Court's power to interpret the decree for the purpose of its execution.** The power of the Labour Court under Section 33C(2) extends to interpretation of the award or settlement on which the workman's right rests.

નામ Supreme Court ના Central Inland Water Transport Corporation Ltd. v. The Workmen & Anr.ના ચુકાદામાં એવું ઠરાવવામાં આવેલ છે કે :–

"It is now well settled that a proceeding under Section 33-C(2) is a proceeding, generally, in the nature of an execution proceeding wherein the **Labour Court calculates the amount of money due to a workman from his employer, or if the workman is entitled to any benefit which is capable of being computed in terms of money, the Labour Court proceedings to compute the benefit in terms of money. This calculation or computation follows upon an existing right to the money or benefit in view of its being previously adjudged, or otherwise, duly provided for.** In Chief Mining Engineer East India Coal Co. Ltd. v. Rameswar, it was reiterated that proceedings under Section 33-C(2) are analogous to execution proceedings and the Labour Court called upon to compute in terms of money the benefit claimed by workmen is in such cases in the position of an executing Court. It was also reiterated that the right to the benefit which is sought to be computed must be an existing one, that is to say, already adjudicated upon or provided for and must arise in the course of and in relation to the relationship between an industrial workman and his employer".

(૬.૪) ઉપરોકત ચુકાદાઓમાં પ્રસ્થાપિત કરવામાં આવેલ સિધ્ધાંતોને લક્ષમાં લઈ ચર્ચા કરવામાં આવે તો કોઈ કાયદાની ક. ૩૩–સી(૨) ની કાર્યવાહી સમાન્યતઃ બજવણી/વસુલાતની કાર્યવાહીના પ્રકારની છે જેમાં અદાલત કામદારના માલીક પાસેથી નીકળતા નાણાની રકમ અથવા નાણામાં ગણતરી કરી શકાય તેવા લાભની ગણતરી કરી શકે. આ ગણતરી કામદારના લેણા નિકળતા નાણા અથવા નાણામાં ગણતરી કરી શકાય તેવા હકકો અગાઉના ન્યાયીક નિર્ણય અથવા સ્વકૃત–પ્રસ્થાપિત હકકો અન્વયે જ હોઈ શકે. અરજદાર આવા નાણા કે નાણામાં ગણતરી કરી શકાય તેવા હકકો મેળવવા ખરેખર હકકદાર છે કે કેમ? તેનો નિર્ણય કાયદાની ક. ૩૩–સી(૨) અન્વયે કરી શકે નહી. અરજદારના હકકો અગાઉના ન્યાયીક નિર્ણય આધારીત અથવા સ્વીકૃતી આધારીત પ્રસ્થાપિત થયેલ હોવા જોઈએ. વિશેષમાં કામદાર જે પ્રકારના હકકોની વાત કરે છે તે હકકો માલીક અને કામદારના સબંધના અસ્તિત્વ આધારીત હોવા જોઈએ.

(૬.૫) એ વાત સ્પષ્ટ છે કે જયારે ઔદ્યોગિક તકરાર અધિનિયમની કલમ–૩૩ સી અન્વયેની કલમ હેઠળ કોઈ અરજી કરવામાં આવે ત્યારે તેમાં માંગવામાં આવેલ દાદ કામદારના પ્રસ્થાપિત હકકો આધારીત જ હોવી જોઈએ.

(૭) આ કામના અરજદારે પોતાની અરજીમાં તેઓ સામાવાળાની કંપનીમાં કાયમી પ્રકારનાં કામ ઉપર કાયમી કામદાર તરીકે **તા.૦૧/૦૮/૧૯૯૮** થી રોજનાં **રૂા.૧૧૭.૪૦/–** થી પોતાની ફરજ બજાવતા હોવાની હકીકત જણાવેલ છે અને તેઓના સામાવાળા પાસેથી તેમના પ્રસ્થાપિત હકકોના નાણા **રૂા.૧,૫૩,૪૬૧/– (અંકે રૂપિયા એક લાખ ત્રેપન હજાર ચારસો એકસઠ પુરા)** સામાવાળા પાસેથી નીકળતા હોવાની રજુઆત કરેલ છે. આ કામના સામાવાળા દ્વારા અરજદારની તમામ માંગણીઓ મેળવવા અરજદાર હકકદાર નથી કે તેવા કોઈ પ્રસ્થાપિત હકકો સામાવાળા વિરૂધ્ધ અરજદારને પ્રાપ્ત થતા નથી તેવી તકરાર લેવામાં આવેલ છે. આ કામના અરજદાર સામાવાળાના કામદાર થતા હોવા અન્વયે કોઈ વિવાદ નથી પરંતુ આ કામે અરજદારે પોતાની માંગણી અન્વયેના સામાવાળાની સંસ્થામાં પ્રી–એકઝીસ્ટીંગ રાઈટ/પ્રસ્થાપિત હકકો હતા કે કેમ તે સાબીત કરવું પડે. આ કામના અરજદારે તેમની અરજીના સમર્થનમાં એવો કોઈ પણ પ્રકારનો દસ્તાવેજી પુરાવા રજુ કરેલ નથી કે જેનાથી અરજદારની માંગણી મુજબના હકકો ના નાણા મેળવવા તેમના સામાવાળા વિરૂધ્ધ પ્રસ્થાપિત હકક હોવાની હકીકત પુરવાર થાય. વિશેષમાં અરજદાર દ્વારા તેઓની અરજીની હકીકતોના સમર્થનમાં કોઈ મૌખિક–સાક્ષી પુરાવા પણ રજુ થતા નથી. પોતાની અરજીની હકીકતો સાબિત કરવાનો બોજો અરજદાર ઉપર છે. અરજદારે પોતાની અરજીમાં જણાવેલ હકીકતોને આંખ મીંચી માની લઈ શકાય નહી તે હકીકતો યોગ્ય, માનવાલાયક પુરાવો રજુ કરી સાબિત કરવી જ પડે. આ કામનું રેકર્ડ વંચાણે લેતા આ કામના અરજદાર તરફથી કોઈ પણ પ્રકારનો મૌખિક કે માનવાલાયક આધારભુત દસ્તાવેજી પુરાવો રજુ થતો નથી કે સામાવાળાએ પોતાના જવાબમાં લીધેલ બચાવ અન્વયે પણ અરજદાર દ્વારા કોઈ રજુઆત થતી નથી. અરજદારની સામાવાળા પાસેથી કોઈ રકમ નીકળતી હોવા બાબતનો પણ કોઈ પુરાવો રજુ થતો નથી. તેવી જ રીતે આ કામના સામાવાળા અરજદારની કથીત માંગણી મુજબની રકમ ચુકવવા કઈ રીતે જવાબદાર છે તે અન્વયે પણ કોઈ પુરાવો

અરજદાર તરફથી રજુ થતો નથી. અરજદારે અરજી દાખલ કર્યાને આશરે ૧૫ વર્ષ જેવો સમય થવા છતા અને આ કામનાં અરજદારને કોર્ટમાં હાજર રહી પુરાવો રજુ કરવા માટે ઘણી મુદતો આપવા છતા અરજદાર કોર્ટમાં હાજર રહી પુરાવો આપેલ નથી, અરજદારનાં પુરાવાનાં અને દલીલનાં હકક સામાવાળાની અરજીનાં આધારે બંધ કરવામાં આવેલ છે. આ કામનાં અરજદારનાં પ્રતિનીધીને વારંવાર અરજદારને હાજર રખાવવા સુચના આપવા છતા તેઓ અરજદારને કોર્ટમાં હાજર રખાવી શકેલા નથી, અરજદાર તેમના યુનીયન પ્રતિનીધીનાં સંપર્કમાં પણ ન હોય અરજી દાખલ કર્યા બાદ આજદીન સુધી હાજર રહેલા નથી જેથી અરજદાર પોતાની અરજીની હકીકતો સાબિત કરવામાં સદંતર નિષ્ફળ ગયેલ છે. અરજદાર પોતાની અરજી મુજબની હકીકત સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ હોય તેઓ અરજીમાં માગ્યા મુજબની કોઈ દાદ મેળવવા હકકદાર નથી.

**–: હુકમ :–**

(૧) અરજદારની અરજી આથી નામંજુર કરવામાં આવે છે.

(૨) ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

હુકમ આજરોજ તારીખ ૨૫મી માહે ફેબ્રુઆરી સને ૨૦૨૦ ના રોજ જાહેર કર્યો.

સ્થળ:વલસાડ
તા.૨૫/૦૨/૨૦૨૦.

(ગુલાબ ટાભાભાઈ સોલંકી)
GJ01292
પ્રિસાઈડીગ ઓફીસર
મજુર અદાલત, વલસાડ.